દુર્ગા બજારમાં આવેલ ચૌધરી ટ્રાન્સપોર્ટની ઓફિસ આગળથી

દાળ - ચોખા ના કટ્ટાની ચોરી કરનાર બે ઈસમોને પોલીસે ઝડપી પાડ્યા

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૨૧

હિંમતનગરના દુર્ગા બજાર

માં આવેલ ચૌધરી ટ્રાન્સપોર્ટ નામની ઓફિસ આગળથી દાળ - ચોખાના કટ્ટા કિ.રૂ. ૭૧૩૦/- ના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયેલા બે આરોપીઓને સીસીટીવી કેમેરાના ફૂટેજના આધારે હિંમતનગર એ ડિવિઝન પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડી ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો છે તેમજ ચોરીમાં ગયેલા મુદ્દામાલ સાથે આરોપીઓની અટકાયત કરી મુદ્દામાલ માલિકને પરત કરવા તજવીજ હાથ ધરવામાં આવી છે

હિંમતનગરની જુમ્મા મસ્જિદ પાછળ હસનનગર વિસ્તારમાં રહેતા અને ટ્રાન્સપોર્ટના વ્યવસાય સાથે સંકળાયેલા યુસુફભાઈ જાફર ભાઈ ભટ્ટીની હિંમતનગર શહેરમાં દુર્ગા બજારમાં આવેલી ચૌધરી ટ્રાન્સપોર્ટ નામની ઓફિસ આગળથી ગતરોજ રોજ તારીખ ૧૮-૦૨-૨૦૨૧ થી ૧૯-૦૨-૨૦૨૧ ના સમયગાળા દરમિયાન દાળ - ચોખાનાં કટ્ટા પૈકી તુવેરદાળના બે કટ્ટા કુલ ૫૦ કિલો ના તુવેરદાળ કિંમત રૂ. ૬૨૫૦/- તથા ઈન્ડિયા ગેટ ચોખા ના બે પેકેટ કુલ ૧૦ કિલો કિંમત રૂપિયા ૮૮૦/- મળી કુલ કિંમત રૂ. ૭૧૩૦/- નો મુદ્દામાલ કોઈ ચોર ઈસમો ચોરી કરી રફુચક્કર થઈ ગયા હતા ટ્રાન્સપોર્ટ માલિક રાબેતા મુજબ વહેલી સવારે ઓફિસે આવીને પોતાની કામગીરી શરૂ કરી ડીલેવરી અર્થે ગાડીઓ બજારમાં મોકલી આપતા એક ગાડીમાં બે-ત્રણ પાર્સલ ઓછા હોવાનું જાણવા મળ્યું હતું જેને લઈને ટ્રાન્સપોર્ટ માલિકે પોતાની ઓફિસની ઉપર આવેલ કોમ્પ્યુટર ની ઓફિસમાં લગાવે સીસીટીવી કેમેરાની ફૂટેજ તપાસ કરતા દાળ ચોખાના કટ્ટા ચોરી કરીને લઈ જતા બે શખ્સો સીસીટીવી કેમેરાના ફુટેજમાં કેદ થયેલા જોવા મળ્યા હતા જેને લઈને ટ્રાન્સપોર્ટ માલિક યુસુફભાઈએ તાત્કાલિક ધોરણે હિંમતનગર બી ડીવીઝન પોલીસ મથકે જાણ કરતા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી અને ચોરી કરનાર અજાણ્યા ઈસમો વિરૂધ્ધ ગુનો નોંધી સીસીટીવી કેમેરાના ફૂટેજના આધારે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

જેમાં પોલીસે દાળ - ચોખા ના કટ્ટા ચોરી જનાર આરોપીઓ (૧) પ્રકાશ ઉર્ફે હોકો અદરાજી ભીલ તથા (૨) કાળુ બાબુભાઈ મીણા આદિવાસી બંને રહે. ગીરધર નગર આવાસ ના મકાન માં હિંમતનગરને ઝડપી પાડી ગણતરીના કલાકોમાં ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો હતો અને ચોરીમાં ગયેલ મુદ્દામાલ કબજે કરી ટ્રાન્સપોર્ટ માલિકની ધમાલ પરત કરવાની તજવીજ હાથ ધરી બંને આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલી દઈ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ધનસુરા ચૂંટણીને પગલે ત્રિ-દિવસીય તાલીમમાં બીજા દિવસની તાલીમ યોજાઈ

ધનસુરા નવોદય ખાતે ચૂંટણી ની ને લઈને ૬૦૦ થી વધુ કર્મચારીઓ ની તાલીમ યોજાઈ છે ચૂંટણી ને લઈને ત્રણ દિવસની તાલીમ શરુ છે જેમાં બીજા દિવસ ની તાલીમ પૂર્ણ આગામી ચૂંટણી ને લઈ ને ધનસુરા તાલુકા ના કર્મચારીઓ ની તાલીમ યોજાઈ હતી જેમાં તેમને ચૂંટણી લક્ષી તાલીમ આપવામાં આવી હતી ધનસુરા તાલુકા પંચાયત ની ૧૮ સીટો અને જિલ્લા પંચાયત ની ૪ સીટો માટે ૧૧૩ મથકો પર ચૂંટણી યોજાવાની છે ત્યારે ધનસુરા મામલતદાર ચેતનસિંહ ઝાલા,ટીડીઓ પ્રતિકભાઈ પટેલ,અશ્વિનભાઈ પટેલ અને હાર્દિક પટેલ,જય જોષી (તાલુકા મદદનીશ ચૂંટણી અધિકારી),અશોકભાઈ પટેલ(માસ્ટર ટ્રેનર),કંદર્પભાઈ ની દેખરેખ માં તૈયારીઓ શરુ થઈ છે સમગ્ર ચૂંટણી સ્ટાફ ધ્વારા ચૂંટણી તૈયારીઓ શરુ છે.

અમીરગઢના ખૂન કેસના ગુનામા નવ વર્ષથી ફરાર આરોપી ઝડપાયો

ચાઈલ્ડ ટ્રેકિંગ સિસ્ટમથી આરોપીનું પગેરું મેળવતી પોલીસ

અમીરગઢ તાલુકાના નીચલા ખાપા ગામમાં ૨૦૧૨માં ભાઈનું મોત નિપજાવનાર આરોપી છેલ્લા નવ વર્ષથી ફરાર હતો. પોલીસે ચાઈલ્ડ ટ્રેકિંગ સિસ્ટમના આધારે આરોપીનું પગેરું મેળવી પારપડા ગામથી ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અમીરગઢ તાલુકાના નીચલા ખાપા ગામના ભારમાભાઈ ભીખાભાઇ ડામોરને નજીવી બોલ ચાલમાં સગા મોટાભાઈ ભાણાભાઈ ભીખાભાઈ એ પથ્થર મારી મોત નિપજાવ્યુ હતું. જે અંગેનો ગુનો સને ૨૦૧૨ માં અમીરગઢ પોલીસ સ્ટેશનમાં નોંધાયો હતો.

જે ગુનાના કામે નાસતા ફરતા આરોપી ભાણા ભાઇ ભીખાભાઇ ડામોરની સ્થાનિક તથા જિલ્લા ની વિવિધ એજન્સીઓ દ્વારા તપાસ કરતા મળી આવેલ નહિ. દરમિયાન, પાલનપુર તાલુકા પી.એસ.આઈ. બી.આર. પટેલ દ્વારા નાસતા ફરતા આરોપી પકડવા અલગ અલગ ટીમો બનાવી ફરાર આરોપીઓ ઝડપી લેવા પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં પોલીસ ટીમના ASI રહીમખાન, કેતન ભાઈ, બળવંતસિંહ, ધનરાજસિંહ, રાજેશદાન, દીપકભાઈ, લવજીભાઇ, અક્ષયકુમાર, કરશનભાઈની ટીમ દ્વારા ઉપરોક્ત નાસતા ફરતા આરોપી ભાણાભાઈ ભીખાભાઇ ડામોર રહે.નીચલા ખાપા તા. અમીરગઢવાળાને પારપડા ગામેથી ઝડપી લઈ વધુ તપાસ સારુ અમીર ગઢ પોલીસ સ્ટેશને સોંપેલ છે.

આરોપી કેવી રીતે ઝડપાયો

ખૂન કેસના નાસતા ફરતા આરોપીને પકડવામાં પ્રમુખ ભૂમિકા ભજવનાર બી. આર.પટેલ પોસઈ તથા રાઈટર બળવંતસિંહે આરોપીની છેલ્લા ચાર વર્ષની ઝીણામાં ઝીણી માહિતી એકત્રિત કરી હતી. જેમાં આરોપી અગાઉ જગાણા રહેતા હોવાની હકીકત આધારે ૨૦૧૯- ૨૦ માં તપાસ કરતા આરોપીને આ અંગે જાણકારી મળી જતા તેણે જગાણા ગામ છોડી દેતા પોલીસને નિરાશા સાંપડી હતી. જોકે, પોલીસે આરોપીનું બાળક સ્કુલમાં અભ્યાસ કરતા હોવાની માહિતી આધારે ચાઈલ્ડ ટ્રેકિંગ સિસ્ટમ અંતર્ગત સ્ટુડન્ટ પ્રોફાઈલ આધાર ડાઈઝ ચાઈલ્ડ ટ્રેકિંગ સિસ્ટમ- ૨૦૨૦- ૨૦૨૧ થી આરોપીના બાળકની ઓનલાઈન માહિતી મેળવી ટ્રેસ કરતા હાલમાં પારપડા સ્કૂલમાં અભ્યાસ કરતા હોવાની માહિતી આધારે આરોપીનું પગેરું મેળવી પારપડાથી અટકાયત કરી હતી.

ચાઈલ્ડ ટ્રેકિંગ સિસ્ટમ શુ છે?

સરકારના આધુનિક શિક્ષણના નવતર પ્રયોગ અન્વયે સ્કૂલમાં અભ્યાસ કરતા બાળકની આ પ્રોજેકટની સિસ્ટમમાં એકવાર એન્ટ્રી કરતા તેમાં તેને યુઆઈડી નંબર આપવામાં આવે છે. ત્યારબાદ તે બાળક રાજ્યની કોઈપણ સ્કૂલમાં દાખલ થાય તો તેના યુઆઈડી નંબર આધારે તેની હાલની સ્કૂલ તથા રહેઠાણની માહિતી સિસ્ટમથી ઉપલબ્ધ થાય છે. પોલીસે આજ સિસ્ટમનો ઉપયોગ આરોપી પકડવામાં ઉપયોગ કરી ખૂન જેવા ગંભીર ગુનાના આરોપીને નવ વર્ષ બાદ ઝડપી લીધેલ છે.

ધાણધા વાસણ રોડ પર એક યુવક વીજ ડીપી પર ચડી જતા કરંટ લાગ્યો

પાલનપુર તાલુકાના ધાણધા વાસણ રોડ પર આવેલ ઉમરદશી

બ્રિજ નજીક એક યુવક વિજ ડીપી પર ચડી જતા કરંટ લાગ્યો હતો. જેની જાણ ૧૦૮ને થતા પાલનપુર સિવિલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

પાલનપુર તાલુકાના ધાણધા વાસણ રોડ પર આવેલ ઉમરદશી બ્રિજ પાસે આવેલ એક વિજ થાભલા પર વાસણ ગામનો એક યુવક ચડી જતા તેને કરંટ લાગ્યો હતો. જેથી આજુબાજુથી ગ્રામજનો દોડી આવ્યા હતા.અને ૧૦૮ની ટીમને જાણ કરવામાં આવી હતી.

જેથી ટીમના માણસો ઘટના સ્થળે દોડી આવી એમ્બ્યુલન્સમાં ઈજાગ્રસ્તને પાલનપુર સિવિલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. આ ઘટનામાં યુવક માનસિક અસ્વસ્થ હોવાનું ૧૦૮ અને પરિવારે જણાવ્યુ હતુ.

બહુચર્ચિત અરવલ્લી એલ.સી.બી. દારૂ કાંડ

રેંજ આઈજી અભય ચુડાસમાએ સાબરકાંઠા ડીવાયએસપીને સોંપતા તપાસનો ધમધમાટ શરૂ

અરવલ્લી એલસીબી પોલીસે શુકવારે ગાજણ નજીકથી ટ્રકમાંથી મોટી માત્રામાં વિદેશી દારૂ ઝડપી લીધા પછી કાયદેસરની કાર્યવાહી કરતા પહેલા ટ્રકમાંથી દારૂનું કટીંગ કરી ૭ પેટી દારૂ એલસીબી ઓફિસમાં જુદા-જુદા સ્થળે સંતાડી દીધો હતો એલસીબી પોલીસમાં ફરજ બજાવતા ઈમરાન ખોખર અને પ્રમોદ પંડ્યા નામના પોલીસ કર્મીઓ એસેન્ટ કારમાં ૧૦ પેટી વિદેશી દારૂ ભરી વહીવટદાર શાહરુખના પાયલોટીંગ સાથે દારૂનો વેપલો કરવા નીકળ્યા હતા કાર પલ્ટી જતા સમગ્ર કૌભાંડ બહાર આવ્યું પોલીસવડા સંજય ખરાત સમસમી ઉઠ્યા હતા અને ટાઉન પોલીસને એલસીબી પીઆઈ આર.કે.પરમાર અને ત્રણ પોલીસકર્મીઓ સામે ગુન્હો નોંધી ત્રણ કોન્સટેબલને સસ્પેન્ડ કરી દીધા હતા અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો અરવલ્લી એલસીબી પોલીસે ખુદ દારૂનો વેપલો કરવાનું શરૂ કરતા ખાખી પર ધબ્બો લાગ્યો હતો અરવલ્લી એલસીબીનું દારૂ કાંડ બહાર આવતા રેંજ આઈજી અભય ચુડાસમાએ સમગ્ર કેસની તપાસ તટસ્થ અને નિષ્પક્ષ થાય તે માટે અરવલ્લી પોલીસ પાસેથી

તપાસ આંચકી લઈ સાબરકાંઠા ડીવાયએસપી સૂર્યવંશીને સોંપતા સ્થાનીક પોલીસમાં સન્નાટો છવાયો છે.

ગાંધીનગર રેંજ આઈજી અભય ચુડાસમાએ અરવલ્લી એલસીબી પોલીસે શરૂ કરેલા દારૂના વેપલાનો પર્દાફાશ થયા બાદ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં બે પોલીસકર્મીઓ સામે અને ટાઉન પોલીસ સ્ટેશનમાં એલસીબી પીઆઈ આર કે પરમાર અને ત્રણ પોલીસ કર્મીઓ સામે પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુન્હો નોંધાયો હતો બંને ગુન્હાની તપાસ અરવલ્લી પોલીસ પાસેથી આંચકી લઈ સાબરકાંઠા ડીવાયએસપી સૂર્યવંશીને સોંપતા ડીવાયએસપીએ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે રેંજ આઈજી અભય ચુડાસમાએ સતત ત્રીજી તપાસ સાબરકાંઠા પોલીસને સોંપતા અરવલ્લી પોલીસ માટે નાક વઢાયા જેવી સ્થીતી પેદા થઈ છે.

ડીસા-પાટણ હાઈવે પર ત્રિપલ અકસ્માતમાં યુવાનનું મોત

ડીસા પાટણ હાઇવે પર આવેલ ખરડોસણ ગામ નજીક બાઇક, કાર અને ટ્રક વચ્ચે ત્રિપલ અકસ્માત સર્જાયો હતો

બનાસકાંઠા, તા.૨૧

ડીસા-પાટણ હાઈવે પર આજે બાઈક અને સ્વિફ્ટ કાર અને ટ્રક વચ્ચે થયેલા ત્રિપલ અકસ્માતમાં બાઈક સવાર યુવાનનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. અકસ્માતમાં બાઈક સવાર ઠાકોર યુવકનું ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. બનાવના પગલે ડીસા તાલુકા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને આગળની કાર્યવાહી હાથ ધરી છે. ડીસા પાટણ હાઈવે પર આવેલ ખરડોસણ ગામ પાસે આજે બાઈક સ્વીફ્ટ કાર અને ટ્રક વચ્ચે ત્રિપલ અકસ્માત સર્જાયો હતો.

ડીસા પાટણ તરફ જઈ રહેલા બાઈક ચાલક યુવક ઓવરટેક કરવા જતા સ્વીફ્ટ કારની નીચે કચડાઈ જતા આકસ્માત સર્જાયો હતો. અકસ્માત બાદ પાછળ આવી રહેલો ટ્રક કાર સાથે ધડાકાભેર અથડાયો હતો. જેથી બાઈક કાર અને ટ્રક વચ્ચે ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં બાઈક ચાલક યુવક કારની નીચે કચડાઈ જતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા તેનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. ઘટના અંગે માહિતી મળતાની સાથે જ પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી.

અકસ્માતમાં આશાસ્પદ પ્રકાશ ઠાકોરનું કરૂણ મોત થતા આજુબાજુના લોકો પણ ઘટના સ્થળે દોડી ગયા હતા. ઈજાગ્રસ્ત અન્ય ત્રણ લોકોને સારવાર માટે ખસેડી રાહત કામગીરી શરૂ કરી હતી. ઘટના અંગે જાણ થતા જ ડીસા તાલુકા પોલીસ પણ બનાવ સ્થળે આવી પહોંચી હતી. મૃતકની લાશને પીએમ અર્થે ડીસાની સરકારી હોસ્પિટલમાં ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

શિહોરી અને ધાનેરા હાઈવે ઉપર બાઈક પલટતા બેના મોત

બનાસકાંઠામાં આજે બે અલગ અલગ જગ્યાએ સર્જાયેલા અકસ્માતમાં બે બાઈક ચાલકોના મોત નીપજ્યા છે ધાનેરા થરાદ હાઈવે પર બાઈક સ્લીપ ખાઈ જતા તેમજ કાંકરેજ શિહોરી હાઈવે પર ટ્રેલરની અડફેટે આવી જતા બંને જગ્યાએ બાઈક ચાલકના ઘટના સ્થળે કરૂણ મોત નિપજ્યા છે.

બનાસકાંઠા જિલ્લામાં માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી વચ્ચે માર્ગ અકસ્માતોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. આજે બે અલગ અલગ જગ્યાએ સર્જાયેલા બે અકસ્માતમાં બે બાઈક ચાલકોના કરૂણ મોત નિપજ્યા હોવાની ઘટના સામે આવી છે. કાંકરેજ તાલુકાના શિહોરી હાઈવે પર આજે એક ટ્રેલર ચાલકે બાઈકને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો, જેમાં ટ્રેલર નીચે બાઈક આવી જતા બાઈક ચાલકનું ઘટનાસ્થળે કરુણ મોત નીપજ્યું હતું. બનાવને પગલે શિહોરી પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને લાશને પી.એમ અર્થે ખસેડી ટ્રેલર ચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

જ્યારે બીજો અકસ્માત ધાનેરા-થરાદ હાઈવે પર સર્જાયો છે. ધાનેરા થરાદ હાઈવે પર આવેલ રામસીપુરા પાટીયા પાસે પુરપાટ ઝડપે પસાર થઈ રહેલા બાઈક ચાલકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતા બાઈક સ્લીપ ખાઈને ડિવાઈડર સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં બાઈક ચાલક રોડ પર પટકાયો હતો, જેને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા ઉપ વર્ષીય શ્રવણજી જેયપાલનું ઘટના સ્થળે કરૂણ મોત થયુ હતું. બનાવને પગલે સ્થાનિક પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને લાશને પી.એમ અર્થે સરકારી હોસ્પિટલમાં ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

હેત વરસાવ્યું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઢગમાં ફેરવાયો છે. ત્યારે સેકટરોની શેરીઓ અને વન આરક્ષિત વિસ્તારમાં પણ યોગ્ય સફાઈ થાય તે અનિવાર્ય બન્યુ છે. પાનખરમાં ઉડતી પર્ણરજના લીધે નાગરિકોને એલર્જીની તકલીફ પણ વધી રહી છે.

એલર્જીના દમ શ્વાસના દર્દીઓ પણ આ ઋતુમાં વિશેષ પ્રભાવિત થાય છે. એકબાજુ કોરોનાનો કહેર યથાવત છે. ત્યારે મોસમના બદલાતા મિજાજ વચ્ચે જન આરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે. નગરમાં બદલાતી મોસમની સાથે પ્રાકૃતિક નઝારો પણ નિખરે છે. બીજીતરફ સેકટરોમાં આમ પણ ગંદકીના ઢગ ખડકાયા છે. ત્યારે પાનખરની મોસમમાં સેકટરોમાંથી કચરો દુર કરી નગરને રોચક બનાવવા પણ તંત્રએ કામે લાગવાની જરૂર હોવાનો સુર નાગરિકો ઉઠાવી રહ્યા છે.

કાયદો અને કાનૂન ● ૪ પાનાનું ચાલુ...

નિયંત્રીત કરવા માટે આ કાયદો બનાવવામાં આવ્યો છે. ઘણા ખરા કિસ્સામાં બને છે એમ બાળકો મોટે ભાગે પરિચીત કે પારિવારિક વ્યક્તિ દ્વારા આવા અત્યાચારનો ભોગ બનતા હોય છે. તેને કારણે મામલો ઘરમેળે જ નીપટાવી દેવાનું વલણ હોય છે. આવા મામલે પોલિસ કે એથી આગળ અદાલત સુધી જવા માટે આપણા દેશના સામાજિક માહોલમાં ઘણી હિંમતની જરૂર પડે છે. આ કાયદાનો દુરુપયોગ કોઈ પર વેર વાળવા માટે થાય એવી શક્યતા સાવ ઓછી છે, કેમ કે, તેમાં પીડિત એક બાળક હોય છે. આવા કિસ્સામાં સંબંધિત પરિવારને અનેકગણી માનસિક યાતનામાંથી પસાર થવું પડતું હોય છે. જસ્ટિસ પુષ્પા ખુદ એક મહિલા હોવા છતાં તેમણે આપેલો આવો ચૂકાદો વિચારતા કરી મૂકે એવો છે.

આ શ્રેણીમાં ચોથો કિસ્સો હાથરસનો છે, જેમાં બળાત્કાર અને હત્યા પછી પીડિતાના મૃતદેહના અંતિમ સંસ્કાર સ્થાનિક સત્તાવાળાઓએ પીડિતાનાં પરિવારજનોની ઉપસ્થિતિ વિના બારોબાર કરી નાખ્યા હતા.

આ ચારે કિસ્સામાં મહિલાઓ માટેની સંવેદનશીલતા કેન્દ્રમાં છે. પણ તેમાં સામસામા અંતિમો જોવા મળે છે. 'મિન્ત્રા' જેવા કિસ્સે તે વધુ પડતી અને હાસ્યાસ્પદ લાગે એવી છે, તો હાથરસના કિસ્સામાં તેનો સદંતર અભાવ જોવા મળે છે. નારીવાદી વલણ ધરાવવું અલગ વાત છે, અને મહિલાઓના મુદ્દે સંવેદનશીલતા દાખવવી જુદી બાબત છે. 'મિન્ત્રા' જેવા મુદ્દે એક મહિલાએ બતાવેલી જાગૃતિ નોંધપાત્ર કહી શકાય એવી છે, જ્યારે હાથરસના મામલે અને નાગપુરના આરોપીના કિસ્સે સત્તાતંત્ર તેમજ ન્યાયતંત્રનું વલણ અત્યંત ચિંતાજનક છે. ગર્ભનિરોધક સાધનો કે માસિકસ્રાવ સંબંધી ઉત્પાદનોની પારિવારિક ગણાતા ટી.વી.ના માધ્યમ પર વધતી જતી જાહેરખબરો જોઈને પ્રગતિશીલતાનો અહેસાસ થાય. બીજી તરફ ઓ.ટી.ટી. પ્લેટફોર્મ પરની વેબસિરીઝ કે ફિલ્મોમાં કોઈ પણ પાત્રના મોંએ અચાનક મૂકાતી મહિલાજનનાંગોને લગતી ગાળો સાંભળીને સાંસ્કૃતિક અને માનસિક પછાતપણું છાપરે ચડીને પોકારતું જણાય. હકીકત એ છે કે એક નાગરિક તરીકે જાહેરમાં આપણે ગમે એ દેખાડો કરતા હોઈએ, સમગ્રપણે આપણી સામાજિક માનસિકતામાં ભાગ્યે જ કશો ફરક પડેલો જણાય છે. સત્તાતંત્ર પણ આપણી જ માનસિકતાનું પ્રતિબિંબ પાડે છે. આ બાબતે સજાગ અને સભાન બનવાની સાથોસાથ વધુ સંવેદનશીલ બનવાની એક નાગરિક તરીકે જરૂર છે. તેનો આરંભ જાતથી અને પરિવારથી થાય તો જ લાંબે ગાળે એ સામૂહિક લક્ષણ બની શકે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
info@trivediassociates.in

તલોદમાં તસ્કરો બેફામ, સાત દુકાનોના તાળા તૂટ્યા ૧.૯૦ હજારની ચોરી

તલોદ નગરમાં તસ્કરોનો તરખાટ દિવસે દિવસે વધી રહ્યો છે.એક પછી એક ચોરી,લૂંટની ઘટનાઓ બનતી હોવા છતાં સ્થાનિક પોલીસનો તસ્કરો સુધી પહોંચવાનો પનો ટુંકો પડતાં તસ્કરો ને મોકળું મેદાન મળી ગયું છે.ગુરૂવારે મધરાતે અજાણ્યા ત્રણ જેટલા તસ્કરો તલોદ માર્કેટયાર્ડ માં આવેલ ૭ દુકાનોના તાળા તોડી દૂકાનની અંદર પ્રવેશ દુકાનો માં રહેલ તીજોરી તોડી તેમાંથી હાથ લાગેલ રૂ.૧.૯૦ હજાર ની રોકડ રકમની ચોરી કરી અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયા હતા.જે બનેલા બનાવની જાણ વહેલી સવારે વેપારીઓને થતાં તમામ વેપારી ઓ દુકાને દોડી આવ્યા હતા.

સ્થાનિક તલોદ પોલીસ ને જાણ કરવામાં આવતા પીએસઆઈ બી ડી રાઠોડ,ટાઉન જમાદાર દિનેશભાઈ સહિત નો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. યાર્ડના સીસીટીવી ફૂટેજ ફંફોસી તપાસનો દોર આરંભ્યો હતો.જે બનેલા બનાવ રૂ.૧.૯૦ હજાર ની મત્તા ની ચોરી થવા સંદર્ભે વેપારી હિમાંશુ આર શાહની ફરિયાદ ને આધારે તલોદ પોલીસે અજાણ્યા ત્રણ ચોર ઈસમો વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પરખડી ગામની અપહૃત યુવતીનો પત્તો ન મળતા આત્મ વિલોપનની ચીમકી

અપહૃત યુવતીના માતા-પિતાએ બે દિવસમાં ન્યાય નહી મળે તો આત્મ વિલોપન કરવાની આપી ચિમકી. વડગામ તાલુકાના પરખડી ગામની એક બ્રહ્મ સમાજની યુવતીનું એક શખ્સ તેના મિત્રોના સાથ સહકારથી અપહરણ કરી લઈ જતા યુવતીના પરિવારના સભ્યો જિલ્લા પોલીસ વડા અને જિલ્લા કલેક્ટરને રજુઆત કરી દિકરીને પાછી લાવવા રજુઆત કરી છે. જો યુવતીનો પત્તો નહી મળે અને ન્યાય નહિ મળે તો અપહૃત યુવતીના માતા-પિતાએ આત્મવિલોપન કરવાની ચિમકી આપી છે.

પાલનપુરનો કૈલાસ વાટીકા બગીચો રામભરોસે

પાલિકા દ્વારા યોગ્ય સાચવણી ન કરાતા બગીચો ઉજ્જડ બન્યો

રોટરી કલબ દ્વારા સાચવણી વખતે બગીચો રળીયામણો હતો

પાલનપુર પાલિકા દ્વારા માનસરોવર રોડ ઉપર કૈલાસ વાટીકા નામનો બગીચો વિકસાવવામાં આવ્યો હતો. પરંતુ તેની યોગ્ય જાળવણી ન થતા બગીચો અત્યારે ઉજ્જડ બન્યો છે.

પાલનપુર શહેરના માનસરોવર વિસ્તારમાં કૈલાસ વાટીકા નામનો બગીચો બનાવવામાં આવ્યો હતો. જે થોડોક સમય ખુબ સારી રીતે રહ્યો હતો. અને લોકો સાંજના સમયે બાળકો સાથે બગીચામાં હરવા-ફરવા માટે પણ આવતા હતા. પરંતુ થોડા સમય બાદ તેની યોગ્ય જાળવણી ન થતા બગીચો વેરાન બનવા લાગ્યો હતો.

જેથી તે બગીચાની જાળવણીની જવાબદારી પાલનપુર રોટરી ક્લબ ડાયમંડ સીટી દ્વારા ઉપાડવામાં આવી હતી. અને જોતજોતામાં સંસ્થા દ્વારા કૈલાસ વાટીકાને રમણીય બનાવી લોકો માટે બગીચામાં પ્રવેશ માટે ટોકન ફી રાખવામાં આવી હતી. જેથી લોકો સામાન્ય ટોકન ફી આપી બાળકો પરીવાર સાથે બગીચામાં જતા હતા. તેમજ સવારે મોર્નિંગ વોક તેમજ યોગાસન કરવા માટે પણ લોકો આવતા હતા.

પરંતુ માનસરોવર બ્રિજનું કામ શરૂ થયુ તે સમયે બ્રિજના કોઈ વ્યક્તિઓ દ્વારા સંસ્થાની જાણ બહાર પાછળની ભાગને ખુલ્લો કરી અંદર પ્રવેશ કરવામાં આવતા ત્યારબાદ બગીચાની સાવચેતી ન રહેતા બગીચો ઉજ્જડ બન્યો હતો.

આ અંગે રોટરી કલબ ડાયમંડ સિટીના પૂર્વ પ્રમુખએ જણાવ્યુ હતુ કે, બગીચો સાચવવા માટે પુરતા પ્રમાણમાં પાણી તેમજ દેખરેખ માટે માણસોની જરૂર પડતી હોય છે. તેમ છતા લાંબા સમય સુધી સંસ્થા દ્વારા તેનું સંચાલન કરવામાં આવ્યુ હતુ. પરંતુ બ્રિજ બનાવાની તૈયારી સમયે બગીચાના પાછળના ભાગને ખુલ્લો કરી તેમાં પ્રવેશ કરવામાં આવતા તેની યોગ્ય રીતે જાળવણી થતી ન હોવાથી સંસ્થા દ્વારા બગીચો પાલિકાને પરત સોપવામાં આવ્યો છે.

નિરસ મતદાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

યોજાઈ હતી તેના પરિણામ પર નજર કરીએ તો, વર્ષ ૨૦૧૫માં અમદાવાદ મહાનગરપાલિકા (ખ્રેદ્ધદ્દદ્દ્ર્ ીઙ્ઘીર્ષ્ઠેહ) ની ચૂંટણીમાં ભાજપની જીત થઈ હતી. તમામ મહાનગરપાલિકામાં ભાજપનો ભગવો લહેરાયો હતો. તો સાથે જ કયા મહાનગરપાલિકામાં કોને કેટલી બેઠક મળી હતી તે પણ જાણીએ. અમદાવાદ મહાનગરપાલિકાની ૧૯૨ બેઠકમાંથી ભાજપે ૧૪૨ બેઠક જીતી હતી. કોંગ્રેસે ૪૯ બેઠક જીતી હતી. જ્યારે ૧ બેઠક અપક્ષ ઉમેદવારના ફાળે ગઈ હતી. રાજકોટ મહાનગરપાલિકાની વર્ષ ૨૦૧૫ની ચૂંટણીમાં ભાજપની જીત થઈ હતી. રાજકોટ મહાનગરપાલિકાની ૭૨ બેઠક પર ભાજપે ૪૦ બેઠક જીતી હતી. કોંગ્રેસે ૩૨ બેઠકો જીતી હતી.

વર્ષ ૨૦૧૫ની ભાવનગર મહાનગરપાલિકાની ચૂંટણીના પરિણામ પર નજર કરીએ તો વર્ષ ૨૦૧૫માં ભાવનગર મહાનગર પાલિકામાં ભાજપે ચૂંટણી જીતી હતી. ભાવનગર મહાનગરપાલિકાની ૫૨ બેઠકમાંથી ભાજપ ૩૪ બેઠક જીતી હતી. કોંગ્રેસે ૧૮ બેઠક જીતી હતી.

જામનગરમાં વર્ષ ૨૦૧૫માં ભાજપે ચૂંટણી જીતી હી. જામનગર મહાનગપાલિકાની ૬૪ બેઠકમાંથી ૩૮ બેઠક પર ભાજપની જીત થઈ હતી. કોંગ્રેસે ૨૪ બેઠક જીતી હતી. જ્યારે ૨ અપક્ષ ઉમેદવારોએ જીતી હતી.

સુરત મહાનગરપાલિકામાં વર્ષ ૨૦૧૫માં ભાજપે ચૂંટણી જીતી હતી. સુરતમહાનગરપાલિકાની ૧૧૬ બેઠકમાંથી ભાજપે ૮૦ બેઠક જીતી હતી. જ્યારે કોંગ્રેસે ૩૬ બેઠક જીતી હતી.

સતત વધારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

૧૭ ફેબ્રુઆરીએ ૧૧,૬૧૦, ૧૮મીએ ૧૨,૮૮૧, ૧૯મીએ ૧૩,૧૯૩ અને ૨૦મી ફેબ્રુઆરીએ ૧૩,૯૯૩ કેસ નોંધાયા છે. કોરોના રોગચાળાની શરૂઆતમાં કેરળએ તેનો સામનો સફળતાપૂર્વક કર્યો હતો પરંતુ હાલમાં ત્યાં કેસ વધી રહ્યા છે. ૩ ફેબ્રુઆરીએ કેરળે કર્ણાટકને પાછળ રાખી દીધું હતું અને દેશમાં મહારાષ્ટ્ર બાદ સૌથી ખરાબ રીતે અસરગ્રસ્ત રાજ્ય બન્યું હતું. હાલમાં રાજ્યમાં સૌથી વધારે એક્ટિવ કેસ (૬૦,૦૮૭) છે જે દેશના કુલ એક્ટિવ કેસના ૪૨ ટકા જેટલા થાય છે.

મહારાષ્ટ્રમાં કોવિડ-૧૯ના નવા સ્વરૂપના કેસ જોવા મળ્યા છે જેના કારણે રાજ્યમાં સતત કેસ વધી રહ્યા છે. સતત બીજા દિવસે રાજ્યમાં ૬,૦૦૦થી વધુ કેસ નોંધાયા છે. છ મહિના બાદ રાજ્યમાં પ્રથમ વખત એક દિવસમાં